**આજની પ્રાર્થના....**

એનું નામ ફકીર, જેની
મેરું જેવડી ધીર, પ્રસન્ન
મનથી ભોગવે પોતે,
દુ:ખીજનોની પીડ..
વિપત્તિથી એ વણસે નહિ
ને પીવે સંતોષના નીર...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૯૪ | ૧૪ જુન, ૨૦૨૧, સોમવાર; જયેષ્ઠ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# કેન્દ્રીય મંત્રીમંડળ વિસ્તરણના ભણકારા

**મોદીના સત્તાવાર નિવાસસ્થાન ૭, લોક કલ્યાણ માર્ગ ખાતે શ્રેણીબદ્ધ ઉચ્ચ સ્તરીય બેઠકો યોજાઈ રહી છે તે જોતાં કેન્દ્રીય પ્રધાનમંડળમાં વિસ્તરણના ભણકારા વાગી રહ્યા છે : જ્યોતિરાદિત્ય સિંધિયા, સર્બાનંદ સોનોવાલ (આસામના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન), સુશીલ મોદી (બિહારના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન), અનુપ્રિયા પટેલ (અપના દલ પ્રમુખ)નું નિશ્ચિત મનાતું સ્થાન**

ન્યુ દિલ્હી,તા.૧૩

વડા પ્રધાન નરેન્દ્ર મોદી સંસદના ચોમાસું સત્ર પૂર્વે પોતાના પ્રધાનમંડળનું વિસ્તરણ કરે એવી ધારણા રખાય છે. જે રીતે મોદીના સત્તાવાર નિવાસસ્થાન ૭, લોક કલ્યાણ માર્ગ ખાતે શ્રેણીબદ્ધ ઉચ્ચ સ્તરીય બેઠકો યોજાઈ રહી છે તે જોતાં કેન્દ્રીય પ્રધાનમંડળમાં વિસ્તરણના ભણકારા વાગી રહ્યા છે. ૨૦૧૯માં લોકસભાની ચૂંટણીમાં ભાજપની જીત બાદ મોદીએ સત્તાના સૂત્રો બીજી વાર સંભાળવાનું ચાલુ રાખ્યા બાદ પોતાના પ્રધાનમંડળમાં કોઈ ફેરફાર કર્યા નથી.

અહેવાલોનો દાવો છે કે મોદી સરકારમાં સભ્યોની સંખ્યા હાલ ૬૦ છે, તે વધારીને ૭૯ કરવામાં આવશે. હાલ ૨૧ કેબિનેટ પ્રધાનો છે, ૯ સ્વતંત્ર હોદ્દો ધરાવતા રાજ્યકક્ષાના પ્રધાનો છે અને ૨૯ પ્રધાનો રાજ્યકક્ષાના છે. કહેવાય છે કે જેમણે સારી કામગીરી બજાવી નહીં હોય એ પ્રધાનોને મોદી પોતાની સરકારમાંથી પડતા મૂકશે. જેવા નવા સભ્યોનો ઉમેરો થવાની ધારણા છે એમાં જ્યોતિરાદિત્ય સિંધિયા, સર્બાનંદ સોનોવાલ (આસામના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન), સુશીલ મોદી (બિહારના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન), અનુપ્રિયા પટેલ (અપના દલ પ્રમુખ).







આમાં જ્યોતિરાદિત્ય સિંધિયાને સામેલ કરવા લગભગ નક્કી માનવામાં આવી રહ્યું છે. તેમણે દાવો કર્યો કે સિંધિયાને રેલવે મંત્રાલય મળી શકે છે. એક્ટિવ મંત્રીની તેમની છાપને જોતા સિંધિયાને માનવ સંસાધન અથવા શહેરી વિકાસ મંત્રાલય પણ આપવામાં આવી શકે છે. લગભગ ૧૫ મહિના પહેલા સિંધિયાએ કોંગ્રેસ છોડીને બીજેપીનો છેડો પકડ્યો હતો. તેમના પાર્ટી બદલવાથી મધ્ય પ્રદેશમાં કોંગ્રેસની સરકાર પડી ગઈ હતી. ત્યારબાદ શિવરાજ સિંહ ચૌહાણ નવા મુખ્યમંત્રી બન્યા અને સિંધિયા-સમર્થક ધારાસભ્યોને પોતાની બેઠકમાં સામેલ કર્યા હતા.

ત્યારથી સિંધિયાને કેન્દ્રીય મંત્રીમંડળમાં સામેલ કરવાની ચર્ચાઓ પણ ચાલી રહી છે. મોદી સરકારના બીજા કાર્યકાળના બે વર્ષ પૂર્ણ થયા બાદ કેન્દ્રીય કેબિનેટમાં બદલાવની તૈયારી થઈ રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શુક્રવારના ગૃહમંત્રી અમિત શાહ અને બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાની સાથે બેઠક કરી છે. માનવામાં આવી રહ્યું છે કે ફેરબદલમાં કેટલાક યુવા ચહેરાઓને સામેલ કરવામાં આવી શકે છે. સિંધિયાની સાથે સાથે ૨ પૂર્વ મુખ્યમંત્રીઓ મહારાષ્ટ્રના દેવેન્દ્ર ફડણવીસ અને આસામના સર્વાનંદ સોનોવાલને પણ મંત્રીમંડળમાં જગ્યા મળવાનું લગભગ નક્કી માનવામાં આવી રહ્યું છે.

જ્યોતિરાદિત્ય આ પહેલા બે વાર કેન્દ્રીય કેબિનેટનો ભાગ રહી ચુક્યા છે. મનમોહન સિંહની કેબિનેટમાં તેમને વર્ષ ૨૦૦૭માં પહેલીવાર કેન્દ્રીય માહિતી અને ટેકનોલોજી રાજ્ય મંત્રી બનાવવામાં આવ્યા હતા. ૨૦૦૯માં તેમને વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયમાં રાજ્ય મંત્રી તરીકે ફરીથી કેબિનેટમાં જગ્યા મળી હતી. જ્યોતિરાદિત્ય સિંધિયાના પિતા માધવરાવ સિંધિયા પણ કેન્દ્રીય કેબિનેટમાં રેલ અને માનવ સંસાધન મંત્રી રહ્યા હતા.

## દિલ્હીમાં હવે બજારો તેમજ દુકાનો ખોલવાની મંજૂરી મળી

**દુકાનો સવારે ૧૦થી સાંજે ૮ વાગ્યા સુધી ખુલ્લી રહેશે**

નવી દિલ્હી,તા.૧૩

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે રાજધાનીના વેલ્થ મેનેજમેન્ટનું ધ્યાન રાખતા આવતી કાલ એટલે કે સોમવાર ૧૪ જૂનથી અનલોક ૩ હેઠળ અનેક આર્થિક ગતિવિધિઓને મંજૂરી આપી છે. નવી માર્ગદર્શિકા મુજબ દુકાનો સવારે ૧૦થી સાંજે ૮ વાગ્યા સુધી ખુલ્લી રાખી શકાશે. આ આદેશમાં દિલ્હીના અઠવાડિક બજારો ખોલવાનો પણ નિર્ણય લેવાયો છે. આ કડીમાં સરકારે એક ઝોનમાં એક દિવસમાં એક જ સાપ્તાહિક બજાર ખોલવાની મંજૂરી આપી છે. દિલ્હીના વેપારી વર્ગની વાત કરીએ તો તમામે પોતાના પ્રતિષ્ઠાનોમાં કોરોના પ્રોટોકોલનું પાલન કરવું પડશે. જ્યારે રેસ્ટોરાને ૫૦ ટકા સિટિંગ ક્ષમતા સાથે ખોલવાની મંજૂરી અપાઈ છે. લગ્નોમાં ૨૦ લોકોને જ મંજૂરી રહેશે.

## દેશનાં આંતરીક વિસ્તારોમાં ડ્રોનથી સરકાર રસી પહોંચાડશે

**હાલનાં સમયમાં દેશમાં સરકાર માટે વેક્સીન ખરીદવાનું કામ સરકારી કંપની એચએલએલ લાઇફકેર કરે છે**

નવી દિલ્હી,તા.૧૩

દેશમાં કોરોના વાયરસ સંક્રમણનાં કેસ હવે સતત ઓછા થઈ રહ્યાં છે. આ વચ્ચે દેશમાં મોટા પ્રમાણમાં વેક્સીનેશન અભિયાન ચાલી રહ્યું છે. આ ટીકાકરણ અભિયાનને સરકાર હવે આંતરિક વિસ્તાર સુધી સહેલાઈથી પહોંચાડવાની યોજના પર કામ કરી રહ્યાં છે. આ હેઠળ હવે સરકાર દેશનાં તે આંતરીક વિસ્તારમાં અનમેન્ડ એરિયલ વ્હીકલ એટલે કે ડ્રોન્સનો ઉપયોગ કરી કોરોના વાયરસની વેક્સીન પહોંચાડવાની યોજના બનાવી રહ્યાં છે. જ્યાંનાં રસ્તા દુર્ગમ છે અને ત્યાં સુધી પહોંચવું અઘરું છે. આઈઆઈટી કાનપૂરે આ અંગે કરેલી શોધમાં આ રીતે ડ્રોનની મદદથી કોરોનાની વેક્સીન પહોંચાડવી સંભવ છે. હાલનાં સમયમાં દેશમાં સરકાર માટે કોરોના વેક્સીન ખરીદવાનું કામ સરકારી કંપની એચએલએલ લાઈફકેર કરે છે. તેની સહાયક કંપની એચએલએલ ઈન્ફ્રા ટેક સર્વિસ લિમિટેડે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ તરફથી દેશનાં દુર્ગમ વિસ્તારમાં કોરોના વેક્સીન પહોંચાડવા માટે ૧૧ જૂનનાં નિવિદનો મંગાવ્યાં છે.

● અનુસંધાન પાન-૭ પર

## ડેલ્ટા વેરિયન્ટ બ્રિટન માટે બન્યો માથાનો દુખાવો

લંડન,તા.૧૩

ડેલ્ટા વેરિયન્ટે ભારતમાં તબાહી મચાવ્યા બાદ બ્રિટન માટે મુસિબત બની ગયો છે. બ્રિટેનના પીએમ બોરિસ જૉનસને ડેલ્ટા વેરિયન્ટને મોટી ચિંતાની વાત ગણાવી છે. શનિવારે ડેલ્ટા વેરિયન્ટને લઈ જૉનસને કહ્યું કે ડેલ્ટા વેરિયન્ટને કારણે બ્રિટેનમાં કોરોનાના મામલા તેજીથી વધી રહ્યા છે અને ડેલ્ટા વેરિયન્ટ તેજીથી લોકોને સંક્રમિત કરી રહ્યો છે. ડેલ્ટા વેરિટન્ટને કારણે બ્રિટેન સરકારે સંપૂર્ણપણે લૉકડાઉન ખતમ કરવાનો ફેસલો રોકી મૂક્યો છે.

જણાવી દઈએ કે સોમવારે બ્રિટનના પીએમ બૉરિસ જૉનસન આગામી ૨૧ જૂનથી તમામ પ્રતિબંધો હટાવી લૉકડાઉન સમાપ્ત કરવાની ઘોષણા કરવાના હતા. પરંતુ બ્રિટેનમાં જેવી રીતે ડેલ્ટા વેરિયન્ટ ફેલાવવો શરૂ થયો છે, તેને જોતાં બ્રિટિશ સરકારે લૉકડાઉન હટાવવા પર પૂન: વિચાર શરૂ કરી દીધો છે.

## દેશમાં સૌ પ્રથમ બિકાનેરમાં શરૂ થયું ડોર ટુ ડોર રસીકરણ અભિયાન

**ડોર ટુ ડોર રસીકરણ અભિયાન અંતર્ગત રસીકરણની ટીમ ૧૦ લોકો નોંધણી કરાવે ત્યારે જ ઘરે પહોંચશે**

બીકાનેર,તા.૧૩

દેશમાં આ વખતે કોરોનાની બીજી લહેર ખુબ જ ભયનાક



જોવા મળી હતી. સરકાર દ્વારા આ લહેરને નિયંત્રણમાં લાવવા સરકાર અથાગ પ્રયત્નો કરતી હોય છે , સરકાર દ્વારા સમગ્ર દેશ માં રસીકરણ ઝડપી બનવવામાં આવ્યું છે .જેમાં ૧૮ થી વધુ વયના લોકોને મફત માં રસી આપવામાં આવે છે . જેમાં રાજસ્થાન સરકાર દ્વારા બિકાનેર શહેરમાં ડોર ટુ ડોર રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ ડોર ટુ ડોર રસીકરણ અભિયાન સોમવારથી શરૂ કરવામાં આવશે. હાલમાં ૪૫ વર્ષથી વધુ ઉંમરના લોકોને રસી આપવામાં આવશે. આ કામગીરી માટે બે એમ્બ્યુલન્સ અને ત્રણ મોબાઈલ ટીમો તૈયાર કરવામાં આવી છે.

બિકાનેરમાં ડોર ટુ ડોર રસીકરણ અભિયાનની આ કામગીરી હાથ ધરવા માટે રાજ્ય વહીવટીતંત્રે એક હેલ્પલાઈન નંબર શરૂ કર્યો છે. આ નંબર પર Whatsapp દ્વારા લોકો પોતાનું નામ અને સરનામું દાખલ કરીને રસી માટે પોતાને નોંધણી કરાવી શકે છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે શહેરમાં ડોર ટુ ડોર રસીકરણ અભિયાન અંતર્ગત રસીકરણની ટીમ ૧૦ લોકો નોંધણી કરાવે ત્યારે જ ઘરે પહોંચશે. આની પાછળનું કારણ છે કે રસીની એક શીશીમાંથી ૧૦ લોકોને કોરોના રસીનો ડોઝ આપવામાં આવે છે. ૧૦ લોકોની સંખ્યા નક્કી કરવામાં આવી છે જેથી રસીનો બગાડ ન થાય.

## મહારાષ્ટ્રમાં ગઠબંધન સરકારમાં ભંગાણના સંકેત

**શિવસેનાએ કહ્યું- ૫ વર્ષ સુધી ઉદ્ધવ જ રહેશે સીએમ, કોંગ્રેસે કહ્યું- હવે એકલા લડીશું ચૂંટણી**

મુંબઈ,તા.૧૩

એવું લાગી રહ્યું છે કે મહાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડી ગઠબંધનમાં બધું ઠીક નથી ચાલી રહ્યું. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી અને શિવસેનાની વચ્ચે સતત મનમેળ વધી રહ્યો છે, જ્યારે કોંગ્રેસ આ ગઠબંધનમાં ખૂદને એકલું-અટલું અનુભવી રહ્યું છે. આનું તાજું ઉદાહરણ છે કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ નાના પટોલેનું એ નિવેદન જેમાં તેમણે આવનારી તમામ ચૂંટણીઓ એકલા લડવાની વાત કહી છે. પટોલેએ કહ્યું છે કે કોંગ્રેસ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓથી લઈને વિધાનસભા ચૂંટણી સુધી અત્યારે એકલું લડશે.

અમરાવતીના તિવાસામાં શનિવારના કોંગ્રેસ કાર્યકર્તાઓને સંબોધિત કરતા તેમણે પૂછ્યું કે, “શું તમે નાના પટોલેને ૨૦૨૪માં સીએમ બનાવવા નથી ઈચ્છતા?” તેમણે કહ્યું કે વર્ષ ૨૦૨૪માં કોંગ્રેસ રાજ્યમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરશે. સાથે જ તેમણે એ પણ કહ્યું કે, ભલે કોઈ લાખવાર પ્રયત્ન કરી લે, પરંતુ તે કોંગ્રેસને સાઈડલાઈન નહીં કરી શકે. નાના પટોલેએ સાથે જ કહ્યું કે, “હું કોંગ્રેસનો રાજ્ય પ્રમુખ છું, આ કારણે હું મારી પાર્ટીની વાત જણાવીશ. મને નથી ખબર કે તેમણે (શરદ પવાર) શું કહ્યું? પરંતુ કોંગ્રેસે એ સ્પષ્ટ કરી દીધું છે કે અમે તમામ સ્થાનિક ક્ષેત્રોમાં એકલા લડીશું. આમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી અને વિધાનસભા ચૂંટણી બંને છે. શું તમે નાના પટોલેને સીએમ બનતા જોવા નથી ઈચ્છતા?”.

## જી-૭માં પીએમ મોદીએ આપ્યો ’એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય’નો મંત્ર

ન્યુ દિલ્હી,તા.૧૩

કોરોના મહામારી દરમિયાન વિશ્વની ૭ મોટી આર્થિક શક્તિઓ જી-૭ સમિટમાં સહભાગી બની રહી છે અને વડાપ્રધાન મોદી પણ આ સમિટમાં વર્ચ્યુઅલી સામેલ થયા હતા. વડાપ્રધાન મોદીએ ગ્રુપ ઓફ સેવન એટલે કે, જી-૭ સમિટના પહેલા આઉટરીચ સત્રમાં પોતાના સંબોધન દરમિયાન ’વન અર્થ, વન હેલ્થ’નો મંત્ર આપ્યો હતો. જર્મનીના ચાન્સેલર એન્જેલા મર્કેલે વિશેષ રૂપથી વડાપ્રધાન મોદીના આ મંત્રનો ઉલ્લેખ કર્યો હતો અને તેને મજબૂત સમર્થન આપ્યું હતું.

આ તરફ ઓસ્ટ્રેલિયન વડાપ્રધાને પહેલી ટ્રિપ્સ છૂટ (TRIPS Waiver) અંગે પીએમ મોદી સાથે પોતાની ચર્ચાઓનો ઉલ્લેખ કર્યો હતો. સાથે જ ભારતને ઓસ્ટ્રેલિયાના મજબૂત સમર્થનથી અવગત કરાવ્યું હતું. બીજી બાજુ ફ્રેન્ચ રાષ્ટ્રપતિએ ભારત જેવા વેક્સિન ઉત્પાદકોને કાચા માલની આપૂર્તિનું આહ્વાન



કર્યું જેથી સમગ્ર વિશ્વ માટે મોટા પાયે વેક્સિન ઉત્પાદન સુનિશ્ચિત કરી શકાય.

સત્ર દરમિયાન વડાપ્રધાન મોદીએ ભારતમાં કોવિડ સંક્રમણની બીજી લહેર દરમિયાન જી-૭ અને અન્ય ગેસ્ટ દેશો દ્વારા આપવામાં આવેલા સમર્થનની પ્રશંસા કરી હતી. તેમણે કોરોના મહામારી સામે લડવા માટેના ભારતના દષ્ટિકોણ પર પ્રકાશ ફેંક્યો હતો. વડાપ્રધાને સંપર્ક ટ્રેસિંગ અને વેક્સિન પ્રબંધન માટે ઓપન સોર્સ ડિજિટલ ટૂલ્સના ભારતના સફળ ઉપયોગ અંગે પણ જણાવ્યું તથા અન્ય વિકાસશીલ દેશો સાથે પોતાના અનુભવ અને વિશેષજ્ઞતા શેર કરવાની ભારતની ઈચ્છાથી અવગત કરાવ્યા હતા.


